જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના બારકોડેડ રેશનકાર્ડ રદ કર્યા અંગેની અરજી – ફોર્મ નં. ૮, રેશનકાર્ડ રદ થયા અંગેના અંગ્રેજી પ્રમાણપત્રનો નમૂનો અને નામ કમી કર્યા અંગેના પ્રમાણપત્રનો નમૂનો.

## ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક : કટક/૧૦/૨૦૦૮/૫૨૦૧૬૪/ક
અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
૧૪, સરદાર ભવન, ૫–મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૦૫/૨૦૧૨

**વંચાણે લીધો :–**

૧. વિભાગનો તા.૨૬/૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૧૦/૧૧૧/ક–૧
૨. વિભાગનો તા.૫/૮/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક : કટક/૧૦૨૦૧૦/૧૧૧/ક–૧
૩. ના.નિ. શ્રી બારકોડ ની તા. ૧૧/૫/૨૦૧૨ ની રજુઆત

**આમુખ :–**

ઉકત વંચાણે લીધેલ ક્રમ (૧) થી રાજયમાં હયાત જૂના રેશનકાર્ડને બદલે નવા બારકોડેડ રેશનકાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજયમાં લાભાર્થી કુટુંબોને બારકોડેડ રેશનકાર્ડ ઈશ્યુ કરવામાં આવે છે. જે રેશનકાર્ડ ધારકોને બારકોડેડ રેશનકાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે તેમને નિવૃત્તિ, રોજગારીના સ્થળમાં ફેરફાર – બદલી, લગ્ન અથવા અન્ય કોઈ કારણોસર ગુજરાત રાજયમાંથી અન્ય રાજયમાં કાયમ માટે સ્થળાંતર કરવાની જરૂર પડે તેવા સંજોગો ઉભા થાય ત્યારે આવા લાભાર્થીઓએ પોતાનું રેશનકાર્ડ ગુજરાતમાંથી રદ્ કરાવવાનું રહે છે. રેશનકાર્ડ રદ થયાના પ્રમાણપત્રના આધારે લાભાર્થી કુટુંબો તેમના રહેણાંકના નવા રાજ્યમાં રેશનકાર્ડ મેળવી શકે છે.

આ સંજોગોમાં બારકોડેડ રેશનકાર્ડ ધારક કુટુંબ રેશનકાર્ડ રદ કરવા અંગેની અરજી કરે છે અને સક્ષમ સત્તાધિકારી રેશનકાર્ડ રદ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈસ્યુ કરે છે, આ કામગીરીમાં સમગ્ર રાજયમાં એક સૂત્રતા જળવાઈ રહે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :–**

૧. આમુખની વિગતે બારકોડેડ રેશનકાર્ડ ધારકે આ સાથેના નમૂના મુજબના ફોર્મ નં. ૮ માં અરજી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. મામલતદાર/ઝોનલ અધિકારીએ રેશનકાર્ડ ધારકોને આ સાથેના પરિશિષ્ટ–૧ મુજબના નમુનામાં રેશનકાર્ડ રદ કર્યા અંગેનું અગ્રેજીમાં પ્રમાણપત્ર ઈશ્યુ કરવાનું રહેશે.

૩. વિભાગના તા. ૫/૮/૨૦૧૦ ના ઠરાવથી ચાલુ કૌટુંબિક રેશનકાર્ડમાંથી નામ કમી કરવા માટેનું અરજી ફોર્મ નં. ૪ બહાર પાડવામાં આવેલ છે. મામલતદાર / ઝોનલ અધિકારીએ ફોર્મ નં. ૪ માં અરજી કરનારને આ સાથેના પરિશિષ્ટ–૨ મુજબના ગુજરાતી નમુનામાં નામ કમી કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવાનું રહેશે.

૪. આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીમતી કે. આર. ઓઝા)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
૨. સર્વે કલેકટરશ્રી, કલેકટર કચેરી (તમામ)
૩. નિયંત્રકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, અમદાવાદ.
૪. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૫. સર્વે તાલુકા મામલતદારશ્રીઓ.

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. માન. મંત્રીશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રા. ક. ના મંત્રીશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ ના અંગત સચિવશ્રી,
૪. વિભાગના અધિક સચિવશ્રી / સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રીના અંગત સચિવ.
૫. N.I.C. ગુજરાત રાજય, બ્લોક નં. ૧૩, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

<u>નમૂનો નં. ૮</u>

કૌટુંબિક રેશનકાર્ડ કમી કરાવવા માટેનું અરજી ફોર્મ (વિના મૂલ્યે)

પ્રતિ,
મામલતદારશ્રી / ઝોનલ અધિકારીશ્રી,
તાલુકો / ઝોન : .................... જિલ્લો ..................

(૧) મારૂ કૌટુંબિક બાર કોડેડ રેશનકાર્ડ નં. ................ છે, જેમાં .......... સભ્યોનો સમાવેશ થાય છે. વધુ વિગતો નીચે મુજબ છે.

કાર્ડ ધારકનું નામ : ........................................................
ગામ / વોર્ડ : .................. તાલુકો ................ જિલ્લો..................
વાજબી ભાવની દુકાનનું નામ : ................................................

(૨) નીચેના કારણોસર આ બારકોડેડ રેશનકાર્ડ રદ કરીને મને પ્રમાણપત્ર આપવા માટે વિનંતી કરૂ છું.

૧. મારી બદલી થવાથી
૨. વય નિવૃત્તિના કારણે વતનમાં જવાનું હોવાથી
૩. વેપાર / કામ ધંધો બંધ કરવાથી
૪. મુખ્ય વ્યકિત ગુજરી જવાથી વતનમાં પરત જવાનું હોવાથી
૫. અન્ય કારણોસર

(લાગુ પડતા પર ટીક ( √ ) કરો)

(૩) આ સાથે અસલ રેશનકાર્ડ પરત કરૂ છું.

................................
(અરજદારની સહી / અંગુઠાનું નિશાન)

અરજીપત્ર સ્વીકારનારની સહી
નામ : ..................................

.........................................................................................

(કચેરીના ઉપયોગ માટે)

(૧) અરજી મંજુર / નામંજુર
(૨) બાર કોડેડ રેશનકાર્ડ રદ કર્યાના સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે ( હા / ના )

તારીખ :

મામલતદાર / ઝોનલ ઓફિસરની સહી

# બારકોડેડ રેશનકાર્ડમાંથી નામ કમી કર્યાનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી / શ્રીમતી / કુ. .............................. રહેવાસી ...................... ઝોન / તાલુકા ......................... જિલ્લા ......... ......................... ના એ તારીખ .................. ની **ફોર્મ નમુના નં. ૪** મુજબની અરજીથી બારકોડેડ રેશનકાર્ડ નં. .................. માંથી નીચે મુજબની વિગતના નામ રદ કરવા જણાવેલ છે.

| અ.નં. | નામ / રેશન આઈ.ડી. નં. | ઉંમર | સંબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |

ઉપરના નામ અત્રેથી રદ કર્યા બદલ આ પ્રમાણપત્ર આપેલ છે.

તારીખ : / /

ઝોનલ ઓફિસર / મામલતદાર
તાલુકા ............., જિલ્લો ................
ગુજરાત રાજય

# Ration card Cancellation Certificate

This is to Certify that pursuant to the applicatioin dtd : ____________ in form no. 8 by Shri / Smt / Miss ______________________________ residing at __________________________ Taluka ____________________ of ________________ District of Gujarat, Bar coded Ration Card No. ________ __________ consisting of following family details has been cancelled with immediate effect.

| Sr. No. | Name | Age | Relations |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |

Date : / /2012

Zonal Officer / Mamlatdar

Taluka ________ , Dist. ____________

Gujarat State